ગાંધીનગર સમાચાર

# ઊંઝામાં પાટીદારોએ પુરુષોત્તમ રૂપાલાને ધક્કે ચડાવ્યા

## ઊંઝામાં બગીચાના લોકાર્પણ કાર્યક્રમમાં ભાજપના નેતાઓએ સ્થળ છોડી ભાગવાનો વારો આવ્યો

### પાટીદાર આંદોલન ઈફેક્ટ

ઊંઝા, તા. ૧૦

આજે વેપારી મથક ઊંઝા શહેરમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઊંઝા દ્વારા સરદાર ચોક વિસ્તારમાં નવિન એપીએમસી ગાર્ડનના લોકાર્પણ તેમજ ખેડૂતોને ચેક વિતરણના યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત ભાજપના રાષ્ટ્રિય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમ રૂપાલા સહિત ભાજપના સાંસદ અને ધારાસભ્યોનો પાટીદાર સમાજના લોકોએ ઉગ્ર



વિરોધ વ્યક્ત કરતાં ભારે હોબાળો મચી ગયો હતો અને નેતાઓને સ્થળ છોડવાની ફરજ પડી હતી. આ હોબાળાને પગલે સમગ્ર કાર્યક્રમનો ફિયાસ્કો થયો હતો.

વિગત એવી છે કે ઊંઝા સમિતિ દ્વારા શહેરના સરદાર ચોક વિસ્તારમાં નવિન બગીચો બનાવાયેલ હોઈ તેનો લોકાર્પણ કાર્યક્રમ તેમજ ઊંઝા તાલુકામાં જીરૂ, વરિયાળી, ઈસબગુલના પાકોનું વાવેતર કરનાર ખેડૂતોને ચેક વિતરણના કાર્યક્રમનું આજે પાટણ રોડ પર સ્થિત જયઅંબે પાર્ટી પ્લોટમાં આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રિય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમ રૂપાલા, ભાજપના પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ, સાંસદ જયશ્રીબેન પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ અને વિસનગર ધારાસભ્ય ઋષિકેશભાઈ પટેલ, ઊંઝાના ધારાસભ્ય નારાયણભાઈ પટેલ, સ્થાનિક બજાર સમિતિના ચેરમેન ગૌરાંગભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ જયંતિભાઈ પટેલ સહિત તાલુકા ભાજપના પદાધિકારીઓ, હોદ્દેદારો આવ્યા હતા. દરમિયાન સૌ પ્રથમ ભાજપના નેતા પુરૂષોત્તમભાઈ રૂપાલા ગાર્ડનનું ઉદ્‌ઘાટન કરી બહાર નીકળી રહ્યા હતા ત્યારે અહીં હાજર ટોળાએ સરકાર તેમજ ભાજપ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી તેમનો ઘેરાવો કર્યો હતો.





બાદ બધા નેતાઓ પાટણ રોડ પર જયઅંબે પાર્ટીપ્લોટમાં રાખેલ ખેડૂત ચેક વિતરણ કાર્યક્રમના સ્થળે પહોંચ્યા હતા. જ્યાં કાર્યક્રમ શરૂ થતાની સાથે અચાનક પાટીદાર સમાજની જ મહિલાઓ અને પુરૂષોનું ટોળુ ધસી ગયું હતું. આ સ્થિતિને પારખીને ભાજપના નેતાઓ ડઘાઈ ગયા હતા અને ટોળાના આક્રોશને ધ્યાનમાં લઈ ભાજપના વરિષ્ઠ નેતા પુરૂષોત્તમ રૂપાલાએ કાર્યક્રમ પૂર્ણ થયાની જાહેરાત કરી તેઓ ગાડીમાં બેસવા માટે જઈ રહ્યા હતા ત્યારે ટોળાએ ધક્કે ચઢાવ્યા હતા. આ સમયે ભાજપના અન્ય કેટલાક નેતાઓ પર પણ ટોળાએ રોષ ઠાલવ્યો હતો. નેતાઓ સ્ટેજ છોડી નીકળી ગયા બાદ મહિલાઓ અને પુરૂષોનું ટોળુ રસોડા તરફ ધસી ગયું હતું. અને રોસાડા વિભાગમાં તોડફોડ કરી રસોઈને બગાડી નાંખી હતી. સમગ્ર કાર્યક્રમમાં પાટીદાર સમાજના લોકોના થયેલ ઉગ્ર વિરોધને લીધે ભારે હોબાળો મચી જતાં જિલ્લામાંથી પોલીસ અધિકારીઓ સ્ટાફ સાથે ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. જો કે વધુ પોલીસ કુમક આવે તે પૂર્વે મોટાભાગનું ટોળુ વિખેરાઈ ગયું હતું. કાર્યક્રમ સ્થળેથી જતાં જતાં મહિલાઓ સહિતના ટોળાએ ચીમકી આપી હતી કે હવે એકપણ મત ભાજપને નહી મળે.

**(તસવીર : મહેશભાઈ બારોટ, ઊંઝા)**

## ખેડબ્રહ્મામાં ટ્રકની ટક્કરે બાઈકચાલકનું કરૂણ મોત

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મામાં ટ્રકચાલકે ટ્રક ગફલતભરી રીતે હંકારી માર્ગ ઓળંગી રહેલા બાઈકસવાર યુવાનને ટક્કર મારતા ગંભીર ઈજાને લીધે તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

ખેડબ્રહ્માના ઠાકરડા વાસનો રહીશ રોહિત રાજુભાઈ ખાંટ ઉં.વ. ૧૯ બપોરના સુમારે ઘરેથી બાઈક નં. જીજે-૯-સીપી-૭૦૧૨માં પેટ્રોલ પુરાવા જતો હતો તે દરમિયાન બસ સ્ટેન્ડ બાજુથી આવતી ટ્રક નં. જીજે-૦૯-ઝેડ-૧૯૧૭ના ચાલકે ટ્રક બેફામ રીતે ચલાવી બાઈક ચાલકને જોરદાર ટક્કર મારતા યુવાન માર્ગ પરથી ફંગોળાઈ જતાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. આથી યુવાનનું કરૂણ મોત થવા પામ્યુ હતુ. જ્યારે ટ્રકચાલક ટક્કર મારી નાસી છુટ્યો હતો.

આ અંગે મૃતકના ભાઈ ચિરાગભાઈ ખાંટે અજાણ્યા ટ્રકચાલક વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોડાસાની ગુરુકૃપા પેપર મીલમાં બીજા દિવસે પણ આઈ.ટી.નું સર્ચ

મોડાસા, તા.૧૦

બળાત્કાર કેસમાં પકડાયેલા આસારામ અને નારાયણ સાંઈના દેશભરમાં ફેલાયેલા હાઈપ્રોફાઈલ સાધકોને ત્યાં આવકવેરા વિભાગે દેશ વ્યાપી દરોડા પાડયા છે. અમદાવાદ, સુરત અને મોડાસા સહિત દેશભરમાં કુલ ૭૦ જગ્યાઓએ તપાસ હાથ ધરી આસારામના સાધકો ધ્વારા થયેલા રોકાણો અને પ્રોજેકટોનુ સ્કેનીગ શરૂ કરવામાં આવ્યુ છે.

અમદાવાદ ડીજી વિંગના સીધા માર્ગદર્શન હેઠળ મોડાસા - હિંમતનગર હાઈવે ઉપર કાબોલાની સીમમાં ગુરુકૃપા ક્રાફ્ટ પ્રા. લી.નામની પેપર મીલ આવેલી છે. આ મીલમાં મંગળવારે વહેલી પરોઢે છ વાગ્યાની આસપાસ અમદાવાદ ઈન્કમટેક્ષના અધિકારીઓની એક ટીમ આવી પહોંચી હતી. અમદાવાદથી જ એસઆરપી સાથે આવી પહોંચેલ ટીમે પેપર મીલમાં ચેંકીંગ હાથ ધરી દીધુ હતુ.

આ અંગે સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ઈન્કમટેક્ષ વિભાગના ૯ થી વધુ અધિકારીઓ આ દરોડામાં જોડાયા હતા અને પેપર મીલના વિવિધ દસ્તાવેજોની ઝીણવટપુર્વક ચકાસણી હાથ ધરી હતી. આઈટીની તપાસ દરમ્યાન પેપર મીલમાં કામ કરતા વ્યકિતઓના મોબાઈલ બંધ કરી દેવાયા હતા. જયારે મીલના દરવાજે જ એસઆરપી ખડકી દઈ કોઈપણને અંદર પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હતો.

કાબોલા નજીક આવેલા ગુરુકૃપા ક્રાફ્ટ મીલનું સંચાલન દિલ્હી અને સ્થાનિક એક આસારામના સાધક દ્વારા કરવામાં આવી રહ્યુ છે અને વિશાળ જગ્યામાં પથરાયેલ આ મિલમાં કરોડો રુપીયાના પેપરનો ધંધો ચાલી રહ્યો છે. અમદાવાદના અધિકારીઓએ આ પેપર મીલના દસ્તાવેજો, પ્રોડ્કશન સહિતની બારીકાઈથી માહિતી મેળવી હતી અને મોડી સાંજ સુધી દરોડાની કાર્યવાહી ચાલુ રહી હતી. દરમિયાન દરોડાની કામગીરી સમયે કોઈપણ વ્યકિતને મીલમાં પ્રવેશ ન આપતા કેટલા રુપીયાની કરચોરી હાથ લાગી તે જાણી શકાયુ નથી. પરંતુ લાખ્ખો રુપીયાની કરચોરી બહાર આવવાની આશંકા સેવાઈ રહી છે. આઈટીના આ સર્ચ ઓપરેશનથી જીલ્લાના અન્ય કરચોરોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

### પેપર મીલમાં આસારામનુ રોકાણ હોવાનુ ચર્ચાઈ રહયુ છે

છેલ્લા બે દિવસથી આયકર વિભાગની ટીમ ધ્વારા સમગ્ર દેશમાં જયપુર, સુરત, પુણે, ભોપાલ, મુબઈ, અમદાવાદ જેવા આસારામના હાઈપ્રોફાઈલ સાધકોને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ છે. ત્યારે જે રીતે આ મીલના ઉદ્‌ઘાટનમાં થોડા વર્ષો અગાઉ આસારામ જયારે આ મીલનુ ઉદઘાટન કરવા આવ્યા ત્યારે હેલીકોપ્ટર લઈને આવ્યા હતા. જયારે આ પેપર મીલનુ સંચાલન દિલહીથી અને અરવલ્લી જીલ્લાના એક સ્થાનીક સાધક ધ્વારા કરવામાં આવી રહ્યું હોવાથી આ પેપર મીલમાં આસારામનુ મોટાપાયે રોકાણ હોવાનુ જોરશોરથી ચર્ચાઈ રહયુ છે.

### સ્થાનીક ઈન્કમટેકસ વિભાગ આ દરોડાથી અજાણ

છેલ્લા બે દિવસથી આયકર વિભાગની ટીમ ધ્વારા સમગ્ર દેશમાં જયપુર, સુરત, પુણે, ભોપાલ, મુબઈ, અમદાવાદ જેવા આસારામના હાઈપ્રોફાઈલ સાધકોને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ છે. આ ઓપરેશન છેલ્લા ૪૮ કલાકથી ચાલી રહ્યું છે અને બંદુકધારી એસઆરપીના જવાનોની હાજરીમાં સમગ્ર કમ્પાઉન્ડને કબજે લઈ લેવામાં આવ્યુ છે. જોકે આ ઈન્કમટેકસની તપાસ અર્થે અધિકારીઓએ કંઈપણ કહેવાનો ઈન્કાર કર્યો હતો. જયારે બીજી બાજુ સ્થાનીક ઈન્કમટેકસ વિભાગ આ દરોડાથી બીલકુલ અજાણ રહ્યું હતું.

## પ્રાંતિજના યુવાનો શ્રાવણના અંતે વડીલોને ધાર્મિક યાત્રા કરાવશે

આજના યુગમાં મા-બાપને પોતાનો દિકરો યાત્રાએ લઈ જતા પહેલા સો વાર વિચારે છે. ત્યારે પ્રાંતિજના યુવાનોએ પ્રાંતિજના ૬૦ વર્ષથી ઉપરના વડીલોને એક દિવસની ધાર્મિક યાત્રા કરાવવાનું કાર્ય શરૂ કર્યું છે જે ટુંક સમયમાં સાકાર થશે.

પ્રાંતિજના તપોધન ફળીયા ખાતે રહેતા યુવાનો દ્વારા શ્રાવણ માસના છેલ્લા દિવસે ફળીયામાં રહેતા તમામ જ્ઞાતિના વડીલોને ૧૩મી સપ્ટેમ્બરને રવિવારે ધાર્મિક યાત્રાનું આયોજન કરવામાં આવ્યુંછે. વૃદ્ધોને યાત્રામાં બસ દ્વારા સવારથી સાંજ સુધી અગિયાર સ્થળોએ લઈ જવામાં આવશે. જેમાં શિવમંદિરો સહિત પવિત્રધામે લઈ જવામાં આવશે. યુવાનોએ વડીલો માટે ચા-નાસ્તો જમવા સાથે દવાઓ સહિત ત્રણ વ્હિલચેરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ સમગ્ર યાત્રાનું આયોજન રાવલ રાકેશભાઈ વિનોદભાઈ અને આશિષ રાવલ વગેરે યુવાનો દ્વારા કરવામાં આવ્યુંછે.





પાટણ જિલ્લા ભારતીય જનતા પાર્ટી કાર્યકર્તા સંમેલનમાં ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને નેતા પુરૂષોત્તમ રૂપાલા, મંત્રી દિલીપ ઠાકોર અને શંકર ચૌધરી સહિતના નેતાઓને પાટીદારોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો. પાટીદાર સમાજની મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહી થાળી વગાડીને નેતાઓ સામે સૂત્રોચ્ચારો પોકાર્યા હતા. (તસવીર : આશારામ રાવલ, પાટણ)

# પાલનપુરમાં અનામત આંદોલનમાં મૃતકો માટે પ્રતિક ઉપવાસ યોજાયા : લાલજી પટેલ હાજર રહ્યા

પાલનપુર, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લામાં આજે પાટીદાર સમાજ દ્વારા એક દિવસના પ્રતિક ઉપવાસનું આયોજન કરાયું હતું. જેમાં એસપીજી ગ્રુપના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પટેલ પાલનપુરમાં હાજર થયા હતા. જ્યાં તેમણે ઓબીસી આગેવાન અલ્પેશ ઠાકોર દ્વારા એસપીજી અનામત કન્વીનર હાર્દિક પટેલ પર કરાયેલા નીવેદનોને યોગ્ય ઠેરવ્યા હતા. તેમજ સરકાર દ્વારા આવનારા સમયમાં અનામતના મુદ્દે કોઈ ઠોસ પગલા ભરાશે તો આંદોલનને ટુંકાવવાની પણ વાત કરી હતી. જો કે આગામી રવિવારે સમગ્ર ગુજરાતના પાટીદાર આગેવાનો દ્વારા મીટીંગ કરાયા બાદ આંદોલનને વધુ મજબુત કરવાની પણ વાત કરી હતી.




(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા જિલ્લામાં આજે પાટીદાર સમાજ દ્વારા એક દિવસના પ્રતિક ઉપવાસનું આયોજન કરાયું હતું. જેમાં એસપીજી ગ્રુપના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પટેલ પાલનપુરમાં હાજર થયા હતા. જ્યાં તેમણે સરકારને આડે હાથ લેતા ગુજરાત રાજ્યમાં થયેલા તોફાનો માટે માત્ર પોલીસતંત્રને જવાબદાર ગણાવ્યુ હતું. આજે એક તરફ સરકાર દ્વારા કોર્ટમાં કરેલા દાવાને ખોટા ગણાવ્યા હતા. ગત ૨૫મી ઓગષ્ટના રોજ થયેલા તોફાન માટે હાર્દિક પટેલ દ્વારા મોબાઈલ પર ટેક્ષ મેસેજને પગલે ગુજરાતની શાંતિ ભંગ થવા પામી હોવાનો અહેવાલ રજુ કરાયો હતો. જો કે આજે રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પટેલ દ્વારા નકાર્યા હતા. તેમજ સમગ્ર તોફાનો માટે માત્ર પોલીસને જ જવાબદાર ગણાવી હતી.



ગુજરાત રાજ્યમાં અને અરવલ્લી જિલ્લામાં મેઘરાજાએ રીસામણા લેતાં ભૂમિપુત્રો અને પ્રજાજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. અરવલ્લી જિલ્લામાં શ્રાવણ માસમાં નહિવત વરસાદ પડ્યો હતો. શ્રાવણના અંતિમ દિવસોમાં ભર ચોમાસાની ઋતુમાં આકાશ ઉનાળાની સિઝનનો અહેસાસ જિલ્લાના પ્રજાજનોને થઈ રહ્યો છે. જિલ્લાના પ્રજાજનો અસહ્ય ગરમી અને બફારાથી તોબા પોકારી ઉઠ્યા છે. અરવલ્લી જિલ્લામાં ઉનાળાની ગરમીથી મોડાસાના નગરજનો તોબા પોકારી ઉઠ્યા હતા. ચોમાસાની શરૂઆત થતાની સાથે જ જિલ્લામાં વાતાવરણમાં ઠંકડ પ્રસરી હતી. પરંતુ મેઘરાજાએ રીસામણા લેતા સૂર્યદેવ આકરા બની રહ્યા છે. ગ્લોબલ વોર્મિંગ કહો કે કુદરતનો પ્રકોપ પરંતુ હાલ તો જિલ્લાની પ્રજા રીતસર અગનભઠ્ઠીમાં પરિવર્ત થઈ ગયેલ વાતાવરણમાં રીતસર શેકાઈ રહી છે. **(તસવીર : જય અમીન, મોડાસા)**

# પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર ખાતે અમાસનો મેળો ભરાશે

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગલેસરા ખાતે આવેલ શ્રી ગલતેશ્વર દાદાનું મંદિર ૮૦૦ વર્ષો પુરાણુ મંદિર અને સ્વયંભૂ શિવલીંગ છે. અહીં વર્ષોની પરમ પરા મુજબ દર વર્ષે વર્ષમાં એકવાર મોટો મેળો ભરાય છે. જેમાં પ્રાંતિજ તથા તાલુકા સહિત અન્ય જિલ્લાઓમાંથી પણ શ્રી ગલતેશ્વર દાદાના દર્શન કરવા અને શ્રાવણના છેલ્લા દિવસે અમાસનો મેળો માલવા લોકમેળામણ ઉમટી પડે છે.

સાબરમતી નદીના કિનારે આવેલ વર્ષો જુનુ પૌરાણીક ગલતેશ્વર મહાદેવનું સ્વયંભૂ શિવલીંગ અને ભગવાન શિવનું મંદિર છે. જ્યારે આખો શ્રાવણ મહિનામાં દૂરદૂરથી શિવભક્તો આવી બીલીપત્ર, પૂજા-અર્ચના કરે છે અને ધન્યતા અનુભવે છે. જ્યારે શ્રાવણના છેલ્લા દિવસે અમારે તા. ૧૩-૯-૨૦૧૫ને રવિવાર રોજ ભવ્ય મેળો ભરાશે. જેમાં ચકડોળ, મીનીબજારો, ખાણીપીણી, લારીઓ તથા રમકડાંના જુદા જુદા સ્ટોલ લાગી જાય છે.

ત્યારે તંત્ર દ્વારા મેળામાં કોઈ અનિચ્છિય બનાવ ના બને તે માટે પ્રાંતિજ પી.આઈ. ભરતભાઈ પટેલ દ્વારા પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. અને પ્રાંતિજ ડેપો દ્વારા દર વર્ષની જેમ બસોની વ્યવસ્થાપક કરવામાં આવી છે.

## સાબરકાંઠા સહકારી બેંકમાં ડિરેક્ટર તરીકે જયંતિભાઈ પટેલ બિનહરીફ

પ્રાંતિજ, તા. ૧૦

પ્રાંતિજ તાલુકાના સલાલ ખાતે આવેલ ધી સોનાસણ ગૃપ કો.ઓ. એગ્રી પ્રો. પ્રો. સોસાયટી લી.ના ચેરમેન જયંતિભાઈ નાગરભાઈ પટેલ (મજરા)ની ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લિ. હિંમતનગરની પ્રાંતિજ વિભાગના ડિરેક્ટર તરીકે સર્વાનુમતે બિનહરીફ વરણી થતાં સમર્થકો દ્વારા આનંદ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# નવાબાકલપુરની પ્રાથમિક શાળામાં વિજ્ઞાન મેળો યોજાયો

પ્રાંતિજ,તા. ૧૦

પ્રાંતિજ તાલુકાના નવાબાકલપુર ખાતે આવેલ પ્રાથમિક શાળામાં સી.આર.સી. કક્ષાનો વિજ્ઞાન, ગણિત, પર્યાવરણ પ્રદર્શન યોજાયું હતું. જેમાં તાલુકાની દસ શાળાઓએ ભાગ લીધો હતો અને મેળામાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કૃતિઓ બનાવી પ્રદર્શિત કરી હતી. પ્રાંતિજના નવાબાકલપુર ગામે આવેલ નવાબાકલપુર પ્રાંતિજ શાળામાં વિજ્ઞાન, ગણિત, પર્યાવરણ પ્રદર્શન મેળો યોજાયો હતો. જેમાં પ્રાંતિજ તથા તાલુકામાંથી દસ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રાંતિજ શાળા નં. ૨, પ્રાંતિજ શાળા નં. ૩, જુનાબાકલપુર, નવાબાકલપુર, રાસલોડ, અવરઓન વિદ્યાવિહાર, અવરઓન ઈંગ્લિશ મિડિયમ, નાલંદા વિદ્યાલય, એક્સપરીમેન્ટલ હાઈસ્કૂલ, તક્ષશીલા હાઈસ્કૂલ જેમાં વિજ્ઞાન મેળા પ્રદર્શનમાં



વિદ્યાર્થીઓ દ્વારા ગંદા પાણીથી ચાલતી ઘડીયાળ, ઈલેક્ટ્રોનીક વોડબોય, ડિઝિટલ ફાર્મર, ઔષધિય વનસ્પતિઓ, લીલાં ઉત્પાદનના ફાયદા, ગણિત કોયડા, ચાર રસ્તા ટ્રાફિક સંચાલન, અનાજ સાચવણી મોડલ વિવિધ કૃતિઓ પ્રદર્શિત કરી હતી. જ્યારે બાળકો દ્વારા વિવિધ કૃતિઓનું પ્રદર્શન કરીને આવનાર મહેમાનો તથા વાલીઓના દિલ જીતી લીધા હતા અને શિણની સાથે સાથે બાળકોના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા અનેક આયોજનો કરવામાં આવ્યું હતું.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)